**Circular No.3**

**પૂર બાબત / અત્યંત જરૂરી**

**નં : એફડબલ્યુએ /૨૦૧૧/ ૨૭૫ ( ૪ ) જ.૧**

**ગુજરાત સરકાર,**
**નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને**
**કલ્પસર વિભાગ, સચિવાલય,ગાંધીનગર**
**તારીખ :- ૧૮ /૦૩ /૨૦૧૧**

પ્રતિ,
નર્મદા, જળસંપત્તિ પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગના
(પાણી પુરવઠા નિગમ સિવાયના) બધા જ
અધિક્ષક ઈજનેરશ્રીઓ

**વિષય :-ચોમાસા દરમ્યાન પૂર ચેતવણીની માહિતી મહેસુલ, પંચાયત તથા પોલીસ વિભાગના અધિકારીઓને આપવા બાબત.**

ચોમાસા દરમ્યાન વિભાગના જળાશયોમાંથી પાણી છોડવામાં આવે તે પહેલા પૂર ચેતવણીના ભાગ રૂપે તે અંગેની માહિતી મહેસુલ, પંચાયત અને પોલીસ વિભાગના સબંધિત અધિકારીઓને આપવા અંગેની સ્થાયી સૂચનાઓ છે.

૨.૦ વિભાગના ક્ષેત્રિય અધિકારીઓ દવારા આપવામાં આવતી આ માહિતી યોગ્ય અધિકારીશ્રીઓને પહોંચે તો જ એમના દવારા રાહતની કામગીરી હાથ ધરી શકાય. આ અનુસંધાને આપના દવારા પૂર અંગેની કોઈપણ માહિતી જયારે અન્ય કચેરીમાં આપવામાં આવે ત્યારે નીચે પ્રમાણે કાર્યવાહી કરવા વિનંતી છે.

(ક) આપની કચેરી દવારા આપવામાં આવેલી માહિતીનાં સંદેશા નંબર આપવો અને રજીસ્ટરમાં તે અંગેની નોંધ કરવી.
(ખ) સંદેશો પાઠવનાર વ્યકિતનુ નામ સદર રજીસ્ટરમાં લખવું.
(ગ) સંદેશો પાઠવ્યાની તારીખ અને સમય અચૂક લખવા.
(ઘ) સંદેશો લેનાર કચેરીનું નામ અને લેનાર વ્યકિતના હોદ્દા સહિત નામ અચૂક લખવું.
(ચ) પાઠવેલ સંદેશાની કન્ફર્મેશન કોપી પણ જે અધિકારી / કચેરીને સંદેશો મોકલ્યો હોય તેને પોસ્ટ દવારા અવશ્ય મોકલવી.

૩.૦ ઉપરોકત કાર્યવાહીનો ચુસ્તપણે અમલ થાય તે જોવા વિનંતી છે.

**(બી. એસ. પટેલ)**
ખાસ ફરજ પરના અધિકારી(જળસંપત્તિ)
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ગાંધીનગર